# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 8-11-2024** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

.......................................................................................................................................

-----------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 8-11-2024** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

......................................................................................................................................................

---------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## MAGFALI KAHRIDI

રાજ્યના ૧૬૦ થી વધુ ખરીદ કેન્દ્રો ખાતેથી તા. ૧૧ નવેમ્બરના રોજ ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી ખરીદીનો આરંભ કરાવશે. આ વેચાણ માટે 3 લાખ 33 હજારથી

વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. આ ઓનલાઇન નોંધણી માટે ૧૦ નવેમ્બર છેલ્લો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. ઓનલાઇન નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં મગફળી ખરીદાશે તેમ કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.. તેમણે અફવાઓથી દૂર રહેવા ખેડૂતોને અપીલ કરી હતી.૧ હજાર ૩૫૬ રૂપિયા અને ૬૦ પૈસા લેખે પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે.

ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪ હજાર કિલોગ્રામ એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોની લાગણી અને માંગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવવામાં આવી છે. હજુ પણ નોંધણી કરાવવાની બાકી હોય તેવા તેવા ખેડૂતો આગામી તા. ૧૦ નવેમ્બર સુધી ઓનલાઈન નોંધણી નોંધણી કરાવી શકશે તેમ કૃષિમંત્રીએ જણાવ્યું હતું.

(બાઇટ-રાઘવજી પટેલ)

## KAHATAR ACHAT

રાજ્યના ખાતરની અછત છે તેવા અહેવાલો સામે ખેતી નિયામક એસ.જે સોલકીએ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યુંહતું કે રાજ્યમાં ખાતરની કોઈ ખોટ નથી. તેમણે ખાતરના સંગ્રહખોરોનેચેતવતા કહ્યું હતું કે જો સંગ્રહ ખોરી પકડાશે તો ફરિયાદ દાખલ કરવામાં આવશે. તેમણે ખેડૂતોને હૈયાધારણા આપતાં કહ્યું હતું કે તમામ ખેડૂતોને પુરતુ ખાતર મળે તે માટે રાજ્ય સરકારદ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજ્યમાં DAPમાં 1 લાખ 75 હજારની સામે 45 હજાર મેટ્રિક ટનખાતર ઉપલબ્ધ છે. જ્યારે NPKમાં 1.75 લાખ મેટ્રિક ટન ની આવશ્યકતા સામે 2 લાખ 13 હજાર મેટ્રિક ટન નો જથ્થો ઉપલબ્ધ છે....

(બાઇટ- એસ.જે સોલકી,ખેતી નિયામક, ગાંધીનગર)

## YAMAL VYAS CHARGE

રાજ્યના ચોથા નાણાપંચના અધ્યક્ષ તરીકે યમલ વ્યાસે આજે ચાર્જ સંભાળ્યો હતો. નાણાપંચના ગાંધીનગર સ્થિતિ નવા સચિવાલયના કાર્યાલય ખાતે યમલ વ્યાસ પહોંચ્યા હતા અને તેમણે કાર્યભાર સંભાળ્યો હતો. નાણાંપચની ઓફિસના અધિકારીઓ અને કર્મચારીઓએ તેમને આવકાર્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તાજેતરમાં જ તેમને  રાજ્યના ચોથા નાણાપંચના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા.

## RAJKOT - DEMOLATION

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી ખાતે સરકારી ખરાબાની આશરે 1 કરોડથી વધુની કિમતની જમીન પરના દબાણ દૂર કરવામાં આવ્યા છે. આ જમીન પરથી મોટી દુકાનો તેમજ 17 અને દબાણો દૂર કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, પોલીસની હાજરીમાં આ દબાણ હટાવવામાં આવ્યા હતા.

## CHOTAUDEPUR TALAV SAFAI

છોટાઉદેપુરની મધ્યમાં આવેલા  અને નગરની શાન ગણાતા કુસુમ સાગર તળાવની સફાઇ હાથ ધરવામાં આવશે. તળાવમાં ભારે ગંદકી ફેલાઇ ગઇ હતી. જેને કારણે અસહ્ દુર્ગંધ ફેલાયેલી હતી. જળ વેલો ઊગી નીકળતી હોવાની પણ વિકટ સમસ્યા હતી. કુસુમ સાગર તળાવ ની સાફ-સફાઈ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ 2023-24 અંતર્ગત અંદાજીત  50 લાખ 47 હજારના ખર્ચે હાથ ધરાયુ છે. કુસુમ સાગર તળાવ અને ચોખ્ખું અને સ્વચ્છ બનાવવામાં આવશે અને પાંચ વર્ષ સુધી તેની તમામ સાફસફાઈ અને નિભાવની જવાબદારી ઇજારદારની રહેશે જે કામગીરી ની શરૂઆત થતા તળાવની શોભા બદલાશે

છોટાઉદેપુર સાંસદ જશુભાઈ રાઠવા, છોટાઉદેપુર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા અને જિલ્લા મહા મંત્રી મેહુલ પટેલ દ્વારા તળાવની સાફ સફાઈ વહેલી તકે થાય અને સમસ્યાનો ઉકેલ આવે તે બાબતે સરકારમાં રજૂઆત કરાઇ હતી.

## JALARAM JAYANTI

રાજ્યમાં સંત જલારામ બાપની આજે 225 મી જન્મજયંતીની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે,ત્યારે રાજકોટના વિરપુર ગામમાં લાખો લોકો બાપાના દર્શન કરવા માટે ઉમટી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આશરે 210 વર્ષ પહેલા વીરપુરમાં જલારામ બાપાએ સદાવ્રત શરૂ કર્યું હતું જે આજે પણ અખંડ ચાલી રહ્યું છે. દિવાળી જેવો માહોલ આજે વીરપુરમાં જોવા મળી રહ્યો છે.

સુરેન્દ્રનગરમાં જલારામ બાપાની પાદુકા પૂજન, આરતી, મહાપ્રસાદ અન્નકૂટ દર્શન સહિતના કાર્યક્રમ યોજાયા હતા.

તો પાટણમાં આ દિવસ નિમિતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે 302 યુનિટ રક્ત એકત્રિત થયું હતું.

## Bharat Ratna Shri Lakrishna Advaniji

ભારતરત્ન શ્રી લાલકૃષ્ણ અડવાણીજીના 98'મા જન્મદિવસની સોમનાથ મંદિર ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી સોમનાથ મંદિરમાં આયુષ્ય મંત્ર જાપ, સોમનાથ મહાદેવની મહાપૂજા, સાયં દિપમાલા અને વિશેષ શૃંગારનું આયોજન કરવામાં આવ્યુ હતું. શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર તરફથી લાલકૃષ્ણ અડવાણીના નીરોગી દીર્ઘઆયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.